Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
IMPACT FACTOR:3.021
PP:189to197

# ગ્રામભારતી સંસ્થાની સ્થાપના એક અભ્યાસ

**Rakeshkumar S.Patel**
Ph.D Scholar, Department of History and Cultural, Gujarat Vidyapith, Ahmedabad
krishrakesh50@gmail.com

***સારાંશ:-*** *ગુજરાતમાં ઋષિ પુરુષ એવા જુગતરામભાઈ દવેની પ્રેરણાથી પાયો નંખાયો છે.એવી ગ્રામભારતી સંસ્થા આજે તેની પુખ્તાની ઉંમરે વટવૃક્ષ સમી વિકસી રહી છે. એવા જ સમય દરમ્યાન આ સંસ્થાનો ધ્યેય, પ્રારંભ, વિભાગો અને પ્રવૃતિઓના અહેવાલથી સંસ્થાના કામોનું મૂલ્યાંકન થઇ શકે તેમ છે. આઝાદી આગમન સાથે પછાત ગણાતા મહેસાણા જિલ્લા એ શિક્ષણમાં દોટ મૂકી. ઠેર ઠેર હાઈસ્કૂલો ઉભી થવા માંડી, વિકાસ, ઘટકો, સર્વોદય યોજના અને સાધનક્ષેત્રે પણ શરૂ થયા. આમ વિકાસ અને રચનાના કામો ઝડપભેર થવા માંડ્યા. બીજી બાજુ કોંગ્રેસ સેવાદળની પ્રવૃત્તિ બળવાન બની. વિવિધ સ્વૈચ્છિક વૃતીઓથી શ્રમ, સાહસ અને રાષ્ટ્રીય ભાવનાનો જુવાળ આવ્યો. તે માટે ગામડે બેસી શિક્ષણ દ્વારા સમાજોત્થાનનો માર્ગ શ્રેષ્ઠ લાગ્યો પણ હાઈસ્કુલમાં તે કેવળ વિવિધ શિક્ષણ જ હતું.વિદ્યા વિસ્તરણ અને પશુપાલન વિના તે પંગુ હતું. સર્વાંગી શિક્ષણની જરૂર હતી. વેડછી, બોચાસણ, ગુંદી, અંબાલા, શિક્ષણસંકુલોનો આશ્રમ હોવો જોઈએ એમ લાગતું હતું આમ એકથી જ કરવાની વાર હતી. મોતીભાઈ અને મિત્રો મળી રહ્યાં હતા. પછી બધા એ વિચાર કરીને આ અમરાપુર ગામમાં એક સંસ્થાનો વિચાર આવ્યો. તેઓ માનતા હતા કે આ સંસ્થા દ્વારા આજુબાજુના ગામોમાં સારો પ્રભાવ પડશે અને માટે જ આ વિચારને આગળ વધાવ્યો. ત્યારબાદ તેને "ગ્રામભારતી" એવું નામ આપવામાં આવ્યું આ સંસ્થા ગાંધીવાદી વિચારસરણી જ ધરાવે છે.*

***ચાવીરૂપ શબ્દો:-*** *ખાદી, શિક્ષણ, નઈ તાલીમ, ગાંધીવાદ*

**ગ્રામભારતી સંસ્થાની સ્થાપના માટેની પૂર્વભૂમિકા :-**

ગાંધીજીએ બુનિયાદી તાલીમને પોતે ભારત ને આપેલી શ્રેષ્ઠ ભેટ ગણાવી. બાપુ તો તોલી તોલીને બોલતા, મોમાંથી એકાદોય ખોટો કે અતિશયોક્તિ વાળો શબ્દ ન નીકળે. સ્વરાજ આવે એની રાહ જોતા હતા પણ પછી શું ? દેશ સાચા સ્વરાજના લાયક બને તો જ સ્વરાજ ભોગવી શકે. આ કેમ

બને ? આ દેશની પાસે વિકરાળ પ્રશ્નો છે.એક ગરીબાઈ અને બીજો નાગરીકતાનો અભાવ. અહીં વાણીયા, બ્રાહ્મણ, કણબીપણ હિન્દુસ્તાની નહોતા. હવે હિન્દુસ્તાની ન હોય તો હિન્દુસ્તાન કેવું બને? અને ગરીબાઈ એવી કે તે જોઈ ને આપણી આંતરડી કકડી ઉઠે. કરોડો લોકો એક ટાંકનો રોટલોય માંડ પામે ત્યાં પૂરી કેલરી વાળા ભોજનની આશા જ શી? ગાંધીજી એ નઈ તાલીમ દ્વારા આ બેઉ પ્રશ્નોનો ઉપાય બતાવ્યો. આ તાલીમમાં છેવટ સુધી ઉદ્યોગ હોય તેથી ભણનારના હાથ પગ તાજા રહે ઉત્પાદનમાં નાનમ ન અનુભવે જૂની કેળવણી નોકરી માટે છે? તમામ વસ્તુ પરિશ્રમથી જ ઉપજે છે એટલે નઈ તાલીમમાં ઉદ્યોગ તો પહેલો પણ ગાંધી ચેતવતા "હું ઉદ્યોગ શિક્ષણ ની વાત નથી કરતો પણ શિક્ષણમાં ઉદ્યોગ ની વાત કરું છું". શિક્ષણમાં ઉદ્યોગ એટલે શું? (૧) તે કમ માં કમ બગાડ કરે, (૨) વૈજ્ઞાનિક ઢબે શીખવાય,વૈતરું નહિ, (૩) આ ઉદ્યોગ કોઈ નથી ધરાવતો, સમાજના ઘટક તરીકે ભણાવાય છે. આ વિના નઈ તાલીમ ન જ હોય. ઉદ્યોગથી સમાજને ફાયદો થાય છે કઈ રીતે? ઉદ્યોગ ભણનારને સમજૂ નાગરિક બનાવે છે. આ સવાલ શિક્ષકે વારે-વારે પોતાને પૂછવો જોઈએ. એમ નથી થતું એટલે ભણનાર ખાદી પહેરતો નથી, વસ્ત્ર વિદ્યા શીખવે છે. પણ મિલના કપડાં વાપરે છે કારણ કે તેને ઉદ્યોગનાં સામાજીક પરિણામો જોયાં નથી. નહીતર જાણે તેમાં પરિશ્રમ તો જ છે જ પણ તેનો પાયો લોકો સમજ્યા નથી એટલે નઈ તાલીમમાં ઉદ્યોગ તો જોઈએ, એક-એક વિચારનો અનુબંધ જોઈએ. આ નઈ તાલીમમાં ઉદ્યોગો તો જોઈએ, કોઈ ખોટા તો કોઈ સાચા, પણ આ બધા વિષયોમાં અનુબંધ તો હોય જ. અનુબંધના ત્રણ પ્રકારો નિશ્ચિત છે.

પ્રકૃતિ સાથે અનુબંધ.

સમાજ સાથે અનુબંધ.

પોતાની સાથે અનુબંધ.

દરેક ઉદ્યોગ સમાજને કંઈક ઘસારો તો કંઈક લાભ આપે છે. લાભ વધુ હોય તો ઉદ્યોગ કરીએ નહીંતર પર્યાવરણનાં સવાલો જ ઉભા થવાના એવું જ સમાજમાં પણ થાય છે જેમ કે માલમાં ભેળસેળ, ઓછું તોલી દેવું આ બધું સમાજ સાથે સંબંધ ધરાવે છે. ગાંજાની ખેતી તો ન જ થાય.નઈ તાલીમમાં આ ભણાવાય તો પોતાની જાતમાં જ ઉદ્યોગ ને લીધે સ્વમાન વધે છે. પ્રકૃતિ સમાજની અવગણના કરે છે. એવું ન થાય ત્યારે નઈ તાલીમ થાય આ સંસ્થા કેમ કામ કરે? કેટલું કરે? કેવું કરે? તે બતાવવાની કોશિશ કરે છે.

આમ, તો સો  કૌરવો અને પાંચ પાંડવો જેવી સ્થિતિ છે. જૂની તાલીમમાં માનનારા સેકડો છે.આ તો પાંચ છે, પણ તેવો વિશ્વાસ રાખે કે છઠ્ઠા કૃષ્ણ તો તેઓની સાથે જ છે એના નામે એનું કામ કરવા આગળ વધો.[૧]

ગાંધીજી એ લોકો સમક્ષ અસહકારનો વિચાર ઈ.સ.૧૯૨૦માં રજૂ કર્યો હતો. તે વર્ષમાં સપ્ટેમ્બર માસમાં કલકત્તા ખાતે લાલા લજપતરાયના અધ્યક્ષ પણે મળેલી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની પરિષદે અસહકારની લડત ચલાવવા અંગે ઠરાવ પણ પસાર કર્યો હતો. આ અસહકારના પરદેશી માલના બહિષ્કારનો અને ખાદીના પ્રચારનો સમાવેશ થતો હતો. જો પોતાના આ કાર્યક્રમને લોકો દ્વારા સ્વીકારવામાં આવે તો એક વર્ષમાં સ્વરાજ લાવવાની વાત ગાંધીજી એ ઈ.સ.૧૯૨૧ની નાગપુર ખાતે મળેલી અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિની પરીષદમાં કરી.આ પરીષદમાં ટિળક ફંડ એકત્રિત કરવાનું નક્કી થયું. ગાંધીવાદી સંસ્થાઓની શરૂઆત પણ આ સ્વદેશી અથવા તો ખાદી કામના એક ભાગ રૂપે થઇ હતી.[૨]

ગુજરાતમાં ઋષિ પુરુષ એવા જુગતરામભાઈ દવેની પ્રેરણાથી પાયો નંખાયો છે. એવી ગ્રામભારતી સંસ્થા આજે તેની પુખ્તાની ઉંમરે વટવૃક્ષ સમી વિકસી રહી છે. એવા જ સમય દરમ્યાન આ સંસ્થાનો ધ્યેય, પ્રારંભ, વિભાગો અને પ્રવૃતિઓના અહેવાલથી સંસ્થાના કામોનું મૂલ્યાંકન થઇ શકે તેમ છે.[3]

નઈ તાલીમ ધ્યેય ઉપર આ સંસ્થાનો પાયો નંખાયો હોવા છતાં સંસ્થા પ્રારંભના તબક્કામાં સંસ્થામાં કામ કરનાર અમારામાંના કોઈપણ પાસે નઈ તાલીમ શિક્ષણ ની લાયકાત કે અનુભવ ન હતો. આમ છતાં ગાંધીવિચારનું વાંચન અને સેવાદળ કાર્યથી ઘડાયેલા અહીંના કામમાં પડેલાઓની આવડત અને શક્તિ શિક્ષણ ના કામને લગતી હતી અને તેથી જ કંઈ કર્યાનો સંતોષ થાય છે. શરૂઆતના તબક્કામાં અનેક મુશ્કેલીઓ મર્યાદાઓ, સાધન સગવડોના અભાવ વચ્ચે પણ શિક્ષણ ની સાથે જે સમાજ સેવા કે રચનાત્મક કામો થયા તેમાં આજે અનેક સાધન સગવડોની સુવિધા હોવા છતાં ઓટ આવતી જણાય છે.તેનો મનમાં રંજ છે.આજે સમગ્ર શિક્ષણ સરકારના હાથમાં છે. શિક્ષણના સરકારીકરણની ગતિ વધતી જ જાય છે. વિદ્યાર્થીઓ, કાર્યકરોની ભરતી સહિતની શિક્ષણની તમામ બાબતોમાં સરકારી ધારા ધોરણો સ્વીકારવાથી પહેલાના જેવી

પ્રયોગશીલતા તથા મુક્તતા રહી નથી અને તેથી જ શિક્ષણ કાર્ય તેજસ્વી રીતે કરવું અઘરું થતું જાય છે.

આમ છતાં અહીના નિવાસી શિક્ષણ અને શ્રમ સાથેના સમુહજીવનને કારણે વિદ્યાર્થીઓનું થોડું ઘણું ઘડતર થતું રહે છે. તે નજરમાં રાખીને શિક્ષણની દિશામાં જેટલું કામ કરી શકાય તે કરતા રહેવાના પ્રયાસો છે. એક દિવસ શિક્ષણ અને નોકરીનો નાશ થશે. સરકારનો હસ્તક્ષેપ ઓછો થશે, ઉત્પાદન ક્ષમતા અને સમુહજીવનનો પ્રજા અને સરકાર હારી થાકી ને પણ સ્વીકાર કરશે એવી અમારી શ્રદ્ધા છે. ગુજરાતમાં ચાલતું ભાંગેલું, તૂટેલું પણ આ નઈ તાલીમનું કામ દેશના વાંચકોના હાથમાં પહોંચશે તો તેનું સાચું મૂલ્યાંકન થઇ જશે અને દેશના બીજા રાજ્યોમાં પણ ગાંધી ચિંધ્યા શિક્ષણના રસ્તે જવાની પ્રેરણા જાગશે એવી અપેક્ષા સાથે અમારું મુખ્ય કાર્ય સંસ્થા ને પ્રોત્સાહન આપવાનું છે. "તો તો ભાઈ તમારે અમારા જેવા આશ્રમો કાઢવા જોઈએ" રીકીપેઢી(જૂની પેઢી)ને કરતા ઉમટી પેઢીને(નવ પેઢી)શિક્ષણની સુધારવાની વાત કરતા ગુજરાતના આજીવન લોકસેવક અને કેળવણીકાર પૂ.જુગતરામભાઈ દવે એ ભૂદાનયાત્રાનાં અનુભવે પાટણના સર્વોદય મેળામાં (તા.૧૨/૨/૫૬ નાં રોજ) બાળકો માટે આશ્રમશાળાઓ શરૂ કરવાનું સૂચન કર્યું. યાત્રા દરમ્યાન તેમણે કેટલીક કોમની સીમચોરી, ઢોરચોરી, વ્યસન અને ઘર-ફોડ ચોરી અંગે સાંભળવા મળ્યું હતું. પૂ. રવિશંકર મહારાજનો પણ કેટલાક વર્ષનો એવો જ અનુભવ હતો વળી આ જ અરસામાં ત્રિભુવનદાસ પટેલ જેવા પીઢ અને હિંમતબાજ આગેવાનોનું ઢોર ચોરી ડામવા નિમિતે ખૂન થયું હતું.

સૌને સૂચન ગમી ગયું તે માટે મહેસાણા જિલ્લા સેવા સમિતિની રચના થઇ. તેને સ્થાનિક કાર્યકરોના ઉત્સાહ અને હિંમતથી મકાખાડ સ્ટેશન પાસેના પ્રતાપનગરમાં ૧૯૫૬ના જૂનમાં આશ્રમ શાળાઓ નહીં પણ છાત્રાલય શરૂ કર્યું. માણસાના મહાજનોના અત્રેના પડતર મકાનોમાં છાત્રાલય ચાલે અને ગામની હાઈસ્કુલમાં ભણવાનું ગાંધીસ્મારક નિધિ ખર્ચના ૫૦% આપે અને ૫૦% ખર્ચ અનાજ ઉઘરાવીને કે વેપારી ને ત્યાંથી ઉધાર લાવીને ચલાવવાનું હતું.[૪]

→ **આવશ્યકતા :-**

આઝાદી આગમન સાથે પછાત ગણાતા મહેસાણા જિલ્લા એ શિક્ષણમાં દોટ મૂકી. ઠેર ઠેર હાઈસ્કૂલો ઉભી થવા માંડી, વિકાસ, ઘટકો, સર્વોદય યોજના અને સાધનક્ષેત્રે પણ શરૂ થયા. આમ વિકાસ અને રચનાના કામો ઝડપભેર થવા માંડ્યા. બીજી બાજુ કોંગ્રેસ સેવાદળની પ્રવૃત્તિ બળવાન બની. વિવિધ સ્વૈચ્છિક વૃતીઓથી શ્રમ, સાહસ અને રાષ્ટ્રીય ભાવનાનો જુવાળ આવ્યો. તે માટે ગામડે બેસી શિક્ષણ દ્વારા સમાજોત્થાનનો માર્ગ શ્રેષ્ઠ લાગ્યો પણ હાઈસ્કુલમાં તે કેવળ વિવિધ શિક્ષણ જ હતું.વિદ્યા વિસ્તરણ અને પશુપાલન વિના તે પંગુ હતું. સર્વાંગી શિક્ષણની જરૂર હતી. વેડછી, બોચાસણ, ગુંદી, અંબાલા, શિક્ષણસંકુલોનો આશ્રમ હોવો જોઈએ એમ લાગતું હતું આમ એકથી જ કરવાની વાર હતી. મોતીભાઈ અને મિત્રો મળી રહ્યાં હતા. પછી બધા એ વિચાર કરીને આ અમરાપુર ગામમાં એક સંસ્થાનો વિચાર આવ્યો. તેઓ માનતા હતા કે આ સંસ્થા દ્વારા આજુબાજુના ગામોમાં સારો પ્રભાવ પડશે અને માટે જ આ વિચારને આગળ વધાવ્યો. ત્યારબાદ તેને "ગ્રામભારતી" એવું નામ આપવામાં આવ્યું આ સંસ્થા ગાંધીવાદી વિચારસરણી જ ધરાવે છે.[૫]

આમ, આટલા બધા સંઘર્ષો પછી આ હાલનો માણસા તાલુકાના અમરાપુર ગામમાં આ ગ્રામભારતી સંસ્થાની સ્થાપના કરવાનું વિચારવામાં આવ્યું હતું.

ત્યારબાદ ૧૯૬૫ સુધી અવારનવાર શ્રમશિબિરો ચાલ્યા તો તે પછી સંસ્થાની અને બીજી જમીનની કાયા પલટ ની ગાથા શરૂ થઇ. સંસ્થાના વિકાસ અને પોષણ માટે અલુવાની સીમની ૫૨.૦૦ એકર સરકારી પડતર જમીન મળી હતી. જે સાબરમતી નદી ને મળતા એક વિશાળ-લાંબા કોતરનો ભાગ હતી. તે કોતર છ થી સાત કિલોમીટર લાંબુ અને સરેરાશ અડધો કીલોમીટર પહોળું પાંચ હજાર એકરમાં પથરાયેલું વચ્ચે ઉંડો વહેરો આસપાસ નાના મોટા કોતરો તરફ ચોમાસામાં તો જાણે નાની સાલર જોઈ લ્યો. સમગ્ર વિસ્તારમાં કાંટાળી ગીચ જાડીઓથી છવાયેલો જંગલી પશુઓ અને ખૂંખાર પ્રાણીઓનો ભય રહ્યા કરતો હતો.

સંસ્થાએ તે જમીનને નવસાધ્ય કરી પગથીયાં આકારના ઉપજાઉ ખેતરો બનાવવાનો મહત્વકાંક્ષી કાર્યક્રમ ઉપાડ્યો. યુદ્ધના ધોરણે કામ લીધું. ગુજરાત સરકારના ખેતીવાડી ખાતાના અને સર્વે અને જમીન નવસાધ્ય કરનાર સ્ટાફની સહાય મેળવી. સંસ્થાના શિક્ષકો, કાર્યકરો કામે લાગ્યાં.

સંતરામપુર પંચમહાલના મજૂરોના અનેક જથ્થા કામે રોક્યા સડી કાપવી, મૂળિયાં કાઢવા ચોકડીઓ ખોદવી અને માટી પુરણ-નીચાણવાળા ભાગમાં નાખવી. આ પ્રકારનું કામ લોકો એ કદી જોયેલું નહિ. તેઓ તો હસી કાઢતા અને કહેતા કે "આમ તે કાંઈ ખેતર થતાં હશે? નકામાં પૈસા બગાડે છે".[૬]

આસપાસની જમીનથી પંદર-વીસ ફૂટના ઢાળવાળી આ ૫૨.૦૦ એકર જમીનમાં ખેતર બન્યા. પાળા બાંધી પછી ટ્રેક્ટરના પાવડાથી જમીન સમતલ કરી વરસાદનું કે ટ્યુબવેલનું પાણી પ્લોટના ખૂણેથી બીજા પ્લોટમાં જાય તેવી પાકી સુપાડીઓ અને ગટર વ્યવસ્થા કરી.બધા ખેતરોમાં ખાતર આપ્યું, પાઇપલાઇન નાંખી, સિંચાઈ ની વ્યવસ્થા કરી. કામ પ્રમાણમાં ઘણું સસ્તું, મજબુત અને ફળદાયી રહ્યું. આ વહેણમાંત્રણ પાકા બંધ બાંધ્યા તેનાથી વરસાદનું વહી જતું પાણીમાં લાભ થયો. આ જોઇને તો કોતરની આસપાસના બધા ખેડૂતોએ પોતાના ખેતરોમાં સરકારી સહાયથી પાળાબાંધી કરાવી. કોતરની શરૂઆત થી અંત સુધીના ભાગમાં ઉપરથી ઢાળવાળા ખેતરો, પાળાબંધી અને સમતલ થવાથી તે ભયંકર કોતરો લહેરાતા મોલથી મહેંકી ઉઠ્યું. નવ સાધ્ય થયેલા ખેતરો આજે પણ વિદ્યાર્થીઓને અને જનતાને શિસ્ત અને જમીન સુધારણાની પ્રેરણા આપી રહ્યાં છે.[૭] આમ, આ રીતે આ સંસ્થા ને બનાવવા મદદ કરનાર બીજા સ્વયંસેવક વિષે જોઈએ.

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં વિજાપુર તાલુકાનો (હાલ માણસા તાલુકો) ઉત્તર ગુજરાતનો ફળદ્રુપ વિસ્તાર, જે ઉત્તર ગુજરાતનો બગીચો જ ગણાય છે. ત્યાં મીઠું પાણી અને ફળદ્રુપ જમીનનાં કારણે ખેતી ખુબ જ સારી થાય છે. આ તાલુકાના મકાખાડ રેલવે સ્ટેશનથી દક્ષીણે એક કિલોમીટરના અંતરે માણેકપુર ગામ આવેલું છે. માણેકપુર ગામમાં ગાયકવાડી રાજ્યનું આંકડેદાર ઠકરાતી ગામ. તેની આસપાસ લિમ્બોદ્રા, અલુવા વગેરે બીજા પણ આજુબાજુ ગામો આવેલા. આના ચરિત્ર નાયક મોતીભાઈ આ માણેકપુર ગામના વતની હતા.

મોતીભાઈના પિતાનું નામ રણછોડભાઈ અને માતાનું નામ જતનબા. તેઓ સ્વામીનારાયણ સંપ્રદાય ધર્મ પાળતા હતા. મોતીભાઈનો જન્મ એમના મોસાળના ગામ બાલવામાં તારીખ-૩/૭/૧૯૨૩ ના દિવસે થયો હતો. તેઓએ ઘરની સામેની શાળામાં અભ્યાસ કર્યો. તેઓ છઠ્ઠા

ધોરણથી લિંબોદરા ગામમાં ભણવા ગયા. તેમના બે નાના ભાઈ હતા બળદેવભાઈ અને પૃથ્વીસિંહ. તેઓ વધારે ભણ્યાં ન હતા પણ પોતાના પુત્રોને ભણાવી વિદેશ મોકલ્યા હતા. મોતીભાઈના આઠ વર્ષની ઉંમરે બાળ લગ્ન થયા હતા. ત્યારે તેઓ પહેલા કે બીજા ધોરણમાં જ ભણતા હતા. તેમની પત્નીનું નામ મોંઘીબેન હતું પણ તેમના સમાજમાં મોટી ઉંમરે જ આણું વળાવવા નો રીવાજ હતો તેથી બાળલગ્ન તો માત્ર નામના જ હતા. મોતીભાઈ ચૌધરી ગાંધીવાદી વિચારો જ અપનાવતા હતા. તેઓ ભણતા હતા અને સાથે લાયબ્રેરીમાંથી ગાંધીજીના પુસ્તકો વાંચતા જતાં હતા. તેઓ ખાદી પહેરતા, રેટીયો કાંતતા અને ગામમાં અને શાળામાં નવી પ્રવૃતિઓ કરાવતા હતા. મોતીભાઈની ભણવવાની ઈચ્છા મનમાં જ રહી ગઈ હતી. તેઓ સમય જતા ગુજરાત સરકારના મંત્રી થયા, લોકસભામાં ચૂંટાયા, દેશ-વિદેશમાં ફર્યા. દૂધસાગર ડેરીનો લગભગ ત્રણ દાયકા સુધી વહીવટ સંભાળ્યો. આવા કાર્યોમાં અંગ્રેજી જ્ઞાનની ખોટ સાલતી હતી. તેઓ મહેનતી પુરુષ હતા. તેમણે જાત મહેનતે જ આ ખોટ જ્ઞાન મેળવી પૂરી પાડી. મોતીભાઈ પણ શિક્ષક હતા. ત્યારે ખાદીનું જ ધોતિયું પહેરતા હતા.[8] આજે પણ ઉત્તર ગુજરાતના પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા લાખો લોકોના હૃદયમાં તેમનું સ્થાન એક મૂઠી ઊંચેરા માનવી તરીકેની છે.

→ **નિવાસી સંસ્થાનું સ્વપ્ન** :-

પ્રતાપનગર છાત્રાલયના બે વર્ષના અનુભવે નિવાસી સંસ્થા ચલાવવાનું આર્થિક રીતે કેટલું અઘરું અને જવાબદારી વાળું કામ છે. તે પણ તેમણે સ્પષ્ટ પણે સમજાઈ ગયું હતું. પ્રતાપનગર છાત્રાલય માટે શરૂઆતથી જ ગાંધી સ્મારકનિધિ એ અડધો ખર્ચ આપવાની જવાબદારી લીધી હતી. પણ બાકીના અડધા ખર્ચનું શું? છોકરાઓના વાલીઓ છોકરાઓને સોંપી છુટી પડતા. તેમના કપડા, પુસ્તકો, નોટો વગેરે માટે શરૂઆતમાં તો કશું આપતા ન હતા. એટલે જે સંસ્થા થાયે તે એવી કરવી જોઈએ કે ત્યાં કાયમી આવક થાય. આવા વિચારો ચાલતા હતા.

આ બે વાતોને મનમાં વણી લઈને તેમણે પોતાના નાના સાથીમિત્રોના વિચારોને પ્રકટાવી દીધો. તેમને સંસ્થા દ્વારા ભવિષ્યમાં કેવું કામ કરી શકાય તેનું દર્શન આપવાનું હતું. તેઓ આ સંસ્થામાં જોડાય તેવા પ્રયત્નો કરવાના હતા કારણ કે તે પોતે શિક્ષણના કામમાં સિધી રીતે પડવાના ન

હતા. એટલે જ તેઓ એવા મિત્રોને શોધતા કે જેમને તેમનામાં શ્રદ્ધા, વિશ્વાસ હોય. શિક્ષણના કામમાં ઊંડા ઉતરવાની ભાવના હોય કે જેથી મોતીભાઈ ને કોઈ ચિંતા ન રહે.

આ બંન્ને બાબતોમાં સફળતા મળશે એવું લાગ્યું એટલે એમને જિલ્લાના આગેવાન વડીલો આગળ વાત મુકી સંસ્થા સ્વાવલંબીતો ભવિષ્યમાં થતાં થશે.શરૂઆતના વર્ષોમાં પાયાની સગવડો માટે મોટા પાયે નાણાની જરૂર પડવાની હતી. તે ફંડ લાવી આપે તેવા આગેવાનોની સહાયની જરૂર હતી. મોતીભાઈએ સેવાદળમાં કામ કર્યું. એ બધા વર્ષ દરમ્યાન તેમણે પોતાને માટે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. તેઓ મહાદેવના સેવક બન્યા પછી જિલ્લા કોંગ્રેસના મંત્રી બન્યા અને કોંગ્રેસ પક્ષના સંગઠનના, રાજકીય અને વહીવટી કાર્યોમાં ખૂબજ સારો રસ લેતા હતાઅને જિલ્લાના દરેક તાલુકામાં તેમના સારા સંપર્કો મળતા હતા.સો ટકા પ્રામાણિક, વહીવટ પૂરી નિષ્ઠા અને ધગશથી કામ કરવાની પદ્ધતિ અને લોકસેવાની તમન્નાની તેમણે જિલ્લાના મુખ્ય આગેવાનોને પ્રતિતિ કરાવી. એટલે જિલ્લામાં બુનિયાદી શિક્ષણ અને ગાંધી પ્રબોધિત રચનાત્મક કાર્યો કરવા માટેની એક સંસ્થા સ્થાપવાની વાતમાં શ્રી વિજયકુમાર ત્રિવેદી, શ્રી માનસિંહભાઈ પટેલ વગેરે મુખ્ય આગેવાનોનો સહકાર મેળવ્યો. આમ ૧૯/૩/૧૯૩૮નાં રોજ ગ્રામભારતી સંસ્થાની નોંધણી કરવામાં આવી, આમ આ સંસ્થા આજે વટવૃક્ષના જેમ ખીલી ઉઠી છે.

આ સંસ્થામાં મુખ્ય યોગદાન આપનાર મોતીભાઈ ચૌધરી ને ખૂબ જ ધન્યવાદ આપવામાં આવ્યા હતા.

"મોતીભાઈ સુંદર, સ્વચ્છ મોતી જેવા છે.મોતી જેમ ગોળ, સ્વચ્છ અને સુંદર છે. તેમ મોતીભાઈ પારદર્શક, ડાઘડુંઘ વગરના અનેક ગુણસંપન્ન છે. મોતી વિંધાય છે પણ જે પહેરે તેને શોભા આપે છે. તેમ મોતીભાઈ સમાજના સુખદુઃખ થી વિંધાય છે અને સમાજમાં જ્યાં જાય ત્યાં શોભા આપે છે".[૯]

દ્વારકાદાસ જોષી

## -: પાદનોંધ :-

(૧) ડાભી જેસંગભાઈ, "નઈ તાલીમ દ્વારા સમાજ પરિવર્તન", નવજીવન મુદ્રાલય, અમદાવાદ-૨૦૦૦, પૃ-૭,૮.

(૨) ડૉ. કમલેશભાઈ પટેલ, "દક્ષિણ ગુજરાતમાં ગાંધીવાદી સંસ્થાઓની રચનાત્મક પ્રવૃતિઓ", અરાવલી પ્રકાશન, હિંમતનગર, પૃ-૨૮.

(૩) દેસાઈ નારાયણ, "વેડછી નો વડલો", ગ્રામસેવા સમાજ, વ્યારા-૧૯૮૪.

(૪) ડાભી જેસંગભાઈ, "પૂર્વોક્ત ક્રમાંક(૧)", પૃ-૬.

(૫) "એજન", પૃષ્ઠ ક્રમાંક -૧.

(૬) "એજન", પૃષ્ઠ ક્રમાંક-૧,૨.

(૭) મોદી રમણ, "રચનાત્મક કાર્યક્રમોનું સામાજીક દર્શન", ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૧૯૭૭.

(૮) ડાભી જેસંગભાઈ, "પૂર્વોક્ત ક્રમાંક(૧)", પૃ-૬,૭.

(૯) ચૌધરી રઘુવીર, "ઉત્તર ગુજરાતનું અનોખું મોતી", રંગદ્વારપ્રકાશન, માણસા-૧૯૯૮, પૃ-૧૫,૧૬.

Refrences

1.Wikipidia

2.www.google.com

3.http://www.grambharati.org/

4.અપ્રગટ લાઘુશોધ નિબંધ, ગ્રામભારતી સંસ્થા, પ્રિયંકા દરજી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનીવર્સીટી, પાટણ